# રાજકોટ રૂરલ જીલ્લા ઃ- પોલીસે કરેલ સારી કામગીરી
## માહે- ફેબ્રુઆરી/૨૦૧૯

**(૧)** તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ ફરીયાદીશ્રી સુરેશભાઇ અરજણભાઇ ડાભી જાતે.કોળી રહે.જુના રાજપીપળા તા.કોટડા સાંગાણી વાળાએ આટકોટ પો.સ્ટે.માં ફરીયાદ જાહેર કરેલ કે, પોતાના ભાઇ શૈલેષભાઇ અરજણભાઇ ડાભી ને કોઇ અજાણ્યા માણસોએ કોઇ બહાને ઇશ્વરીયા સાણથલી રોડ ઉપર ખોડીયાર માતાના મંદીર પાસે ભાદર નદીએ જવાના કાચા રસ્તા પર લઇ જઇ આંખ્મા મરચાની ભુકી નાંખી કોઇ બોથડ પદાર્થ વડે શીરે તથા માથાના ભાગે કપાળ ઉપર ઘા મારી મુંઢ ઇજાઓ કરી ગળાના ભાગે દોરડા વડે ગળાટુપો આપી મોત નિપજાવ્યા બાબતની ફરીયાદ જાહેર કરતા આટકોટ પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૦/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૦૨,૩૨૩,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો રજીસ્ટર થયેલ જે ગુન્હો વણશોધાયેલ હોય, જુ ગુન્હો શોધી કાઢવા સારૂ એલ.સી.બી., એસ.ઓ.જી, તથા આટકોટ પો.સ્ટે.ના અધિકારી અને સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી ગુન્હાની તપાસમા હતા દરમ્યાન ગઇ તા.૦૩/૦૨/૨૦૧૯ નાં રોજ મળેલ હકિકત આધારે (૧) કેશુભાઇ જછવાભાઇ રોજાસરા જાતે.કોળી રહે.જુના રાજપીપળા તા.કોટડા સાંગાણી તથા (૨) જીવનભાઇ શંભુભાઇ પારખીયા જાતે.પટેલ રહે.બાડપર તા.જી.રાજકોટ તથા (૩) પપ્પુ રામસંગ વસુનીયા રહે.બાડપર તા.જી.રાજકોટ મુળ.એમ.પી. તથા (૪) વિકાસ તોલીયા વસુનીયા રહે.રાજકોટ રણુજા મંદીર પાસે મુળ.એમ.પી. તથા (૫) મનો ભુરૂ વસુનીયા રહે.રાજકોટ રણુજામંદીર પાસે મુ.એમ.પી. તથા (૬) પંકેશ માંજુસીંહ વસુનીયા રહે.બાડપર તા.જી.રાજકોટ મુળ.એમ.પી. વાળાઓને પાકડી પાડી તેઓની પુછપરછ કરતા આ કામે મરણ જનાર ને આરોપી નં. (૧) કેશુભાઇના પત્ની સાથે આડા સબંધ હોય જેની જાણ આરોપ ીનં. (૧) કેશુભાઇને થતા તેણે પોતાના મિત્ર આરોપી નં. (૨) જીવનભાઇને કરી તથા આરોપી નં. (૩) આરોપી નં. (૧) નાઓ માતાજીના ભુવા હોય જેતી તેની પાસે ધાર્મીક વીધી માટે આવતો હોય જેથી મરણ જનાર શૈલશભાઇને મારી નાંખવાનો પ્લાન બનાવી મરણ જનારને બનાવ સ્થળે લઇ જઇ દોરડાથી ગળાટુપો આપી મોત નિપજાવેલ હોવાની કબુલાત આપતા આટકોટ પો.સ્ટે.ના પો.સ.ઇ. દ્વારા આરોપીઓને અટક કરેલ છે. અને આ વણશોધાયેલ ગુન્હો શોધી કાઢેલ છે.

**(૨)** તા.૦૯/૦૨/૨૦૧૯ ના રોજ જેતપુર સીટી પો.સ્ટે.માં ફરીયાદીશ્રી મુળજીભાઇ પોપટભાઇ ડાવરીયા રહે.જેતપુર અમરનગર રોડ શ્યામ ચેમ્બર વાળાએ તેઓની ફરીયાદ જાહેર કરેલ કે, તા.૦૬/૦૨/૧૯ ના રાત્રીના સમયે જેતપુર ખીરસરા રોડ ઉપર આવેલ પોતાના હરસિધ્ધી કોટન ડાઇંગ કારખાનામાંથી મલમલનું કાપડ ૧૦૦*૧૦૦ કવોલીટીનું જે સફેદ સાડી નંગ- ૬૦૦ કિ.રૂ. ૭૯,૮૦૦/- નું કોઇ ચોરી કરી લઇ ગયેલ હોવાની ફરીયાદ જાહેર કરતા જેતપુર સીટી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ- ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો જાહેર થયેલ છે જે ગુન્હો વણશોધાયેલ હોય અને ગઇ તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ પેટ્રોલીંગ દરમ્યાન મળેલ હકિકત આધારે જેતપુર સીટી પો.સ્ટે. વિસ્તારમાં બોખલા દરવાજા પાસેથી (૧) યોગેશ ઉર્ફે રવી મેરામભાઇ મરતોલીયા જાતે.ઠાકોર ઉ.વ.૧૯ રહે. જેતપુર ખીરસરા રોડ પાવર હાઉસ પાસે તથા (૨) ધીરૂભાઇ નરશીભાઇ તુવરા જાતે.ઠાકોર ઉ.વ.૨૬ રહે.જેતપુર સારણપુલ પાસે તથા (૩) ધર્મેશ ઉર્ફે ધમો બાવનજીભાઇ ઉર્ફે બાવકીભાઇ મકવાણા જાતે.દેવીપુજક ઉ.વ.૨૦ રહે.આરબ ટીંબડી તા.જેતપુર વાળાઓને (૧) મલમલનું કાપડ ૧૦૦*૧૦૦ કવોલીટીનું કિ.રૂ.૭૯,૮૦૦/- તથા (૨) કાળા કલરનું સ્પ્લેન્ડર મો.સા. કિ.રૂ.૨૦,૦૦૦/- તથા (૩) મોબાઇલ ફોન નંગ- ૦૩ કિ.રૂ. ૬,૫૦૦/- તથા (૪) રોકડ રૂ.૧૦૦૦/- તથા (૫) પિયાગો રીક્ષા નંબર- જી.જે.૦૭.વાય.ઝેડ ૧૦૯૭ કિ.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૨,૦૭,૩૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી આ વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી મુદામાલ તથા આરોપીઓને જેતપુર સીટી પો.સ્ટે.માં સોંપી આપેલ છે.

(3) તા.૨૫/૦૨/૨૦૧૯ નાં રોજ બીપીનભાઇ ભીખાભાઇ માથુકીયા એ ધોરાજી પો.સ્ટે.માં જાહેરાત કરેલ કે તેઓની ભાગ થી વાવવા માટે રાખેલ ખેતરમા કોઇ અજાણ્યા પુરષની લોહી લુહાણ હાલતમા લાશ પડેલ છે. જે આધારે એલ.સી.બી. તથા એસ.ઓ.જી. તથા ધોરાજી પોલીસ સ્ટાફ ના માણસો સાથે તપાસ કરતા આ લાશ રાયસીંગભાઇ સુમલાભાઇ ધાણંક ઉ.વ.૩૦ રહે.અરવિંદ ઓઇલ મીલ ધોરાજી વાળાની હોવાનું જણાય આવેલ બાદ મ.જ.ના પત્ની ભીખીબેન વા.ઓ. રાયસીંગભાઇ સુમલાભાઇ ધાણંક ઉ.વ.૩૦ રહે.અરવિંદ ઓઇલ મીલ ધોરાજી વાળાએ અજાણ્યા આરોપીઓએ મરણજનાર પોતાના પતિને કોઇ અગમ્ય કારણોસર માથામા બોથડ પદાર્થ મારી ગંભીર ઇજા કરી મોત નિપજાવેલ ની ફરીયાદ આપતા ધોરાજી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૨૦૧ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધાયેલ હતો જે ગુન્હો વણશોધાયેલ હોય અને ગઇ તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ મળેલ હકિકત આધારે આરોપીઓ (૧) ભીરસીંગ ઉર્ફે ભુરીયો હળીયાભાઇ રણા ઉ.વ.૨૫ તથા (૨) તેની પત્ની ગીતાબેન વા.ઓ ભુરસીંગ ઉર્ફે ભુરીયો રણા ઉ.વ.૩૫ વાળાઓને પાકડી પાડી તેઓની પુછપરછ કરતા આ કામે મરણ જનાર રાત્રીના સમયે ચોરી કરવાના ઇરાદે આવેલ હોય અને આરોપીઓના મકાનની ચાવી માગતા આરોપીએ ચાવી નહી આપતા મરણ જનાર આરોપીઓ સાથે જપજપી કરવા લાગતા આરોપીઓએ મરણ જનારને માથામા લાકડીથી માર મારી ગંભીર ઇજા કરી મોત નિપજાવેલ હોવાનું કબુલાત આપતા ધોરાજી પો.સ્ટે. ના આઇ.સી.પો.ઇન્સ. દ્રારા આરોપીઓને અટક કરેલ છે. અને આ વણશોધાયેલ ગુન્હો શોધી કાઢેલ છે.

(૪) ગઇ તા.૧૫/૦૨/૨૦૧૯ ના રોજ પરેશભાઇ ઉર્ફે પરીયો રાજુભાઇ ગોસ્વામી જાતે.બાવાજી રહે.ગોંડલમાં સરકારી હોસ્પીટલ સામે ખાડામા તા.ગોંડલ વાળાએ ગોંડલ સીટી પો.સ્ટે.માં જાહેરાત કરેલ કે, પોતાની બહેન આરતીબેન ડો.ઓ. રાજુભાઇ ગોસ્વામી ઉ.વ.આશરે ૨૬ વાળી તા.૧૨/૦૨/૨૦૧૯ ના રોજ રાત્રીથી ગુમ થયેલ છે. જે અંગે ગોંડલ સીટી પો.સ્ટે.માં ગુમસુધા રજી. નં. ૦૨/૨૦૧૯ થી ગુમસુધા રજી. થયેલ અને આ અંગે એલ.સી.બી. તથા એસ.ઓ.જી. શાખાના સ્ટાફ સાથે તપાસ મા હતા દરમ્યાન તપાસ દરમ્યાન મરણ જનાર આરતીબેન ને ઇમરાન ઉર્ફે ઇમલો કરીમભાઇ કટારીયા રહે.ગોંડલ વાળા સાથે ગુમ થનાર ગુમ થયેલ તે અગાઉ ફોનમાં વાત થયેલ હતી. જે આધારે ઇમરાન ઉર્ફે ઇમલો કરીમભાઇ કટારીયાને પુછપરછ માટે બોલાવી તેની ઉંડાણપુર્વક પુછપરછ કરતા તેઓ કબુલાત આપેલ કે, પોતે મરણ જનાર આરતીબેન ને પોતાના ઘરે પિસ્ટલ માંથી ગોળી મારી તેની તેની હત્યા કરેલ છે. અને પોતે તથા પોતાના મિત્રો જુનેદ મેમણ તથા સવુબાપુ સૈયદ તથા નુરમહમદ ઉર્ફે વજન એમ બધાએ મળી મરણ જનાર આરતીની લાશને ગોંડલ ઘોઘાવદર રોડ ઉપર હાડકા ધારે સળગાવી નાંખી તેના હાડ માંસને ગોંડલ કંટોલીયા રોડ ઉપર નદીના કાંઠે બાવળની કાંટમાં ફેકી દીધેલ છે. તેવી કબુલાત આપતા જે જગ્યાએ ખરાઇ કરતા મરણ જનારના હાડ માંસ મળી આવતા મરણ જનાર ના ભાઇ પરેશભાઇ ઉર્ફે પરીયો રાજુભાઇ ગોસ્વામી જાતે.બાવાજી રહે.ગોંડલમાં સરકારી હોસ્પીટલ સામે ખાડામા તા.ગોંડલ વાળાની ફરીયાદ લઇ ગોંડલ સીટી પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં. ૨૩/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૦૨,૨૦૧, ૧૧૪ તથા હથિયાર ધારા કલમ ૨૫(૧-બી)(એ), ૨૭ વિગેરે મુજબ ગુન્હો રજીસ્ટર કરવી આરોપીને અટક કરવા કાર્યવાહી કરેલ છે. અને આ વણશોધાયેલ ગન્હો શોધી કાઢેલ છે.

-------------------